શહેરમાં ઝુંપડાના દબાણો દુર કરવા અભિયાન

વાઇબ્રન્ટ પુર્વે ઝુંપડા તેમજ લારી ગલ્લાના દબાણો દુર કરવામાં આવશે : સે-૭ માંથી પણ દબાણો દુર કરાયા

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષીને નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવી રહ્યુ છે. જયારે હાલ નગરમાં વાઇબ્રન્ટની તૈયારીઓ આખરી તબક્કામાં ચાલી રહી છે. શહેરમાં મુખ્યમાર્ગોની આસપાસ અડીંગો જમાવતા ઝુંપડા તેમજ લારી ગલ્લાના દબાણો દુર કરવા તંત્રએ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે સે-૭ માંથી દબાણો દુર કરાયા હતા.

ગાંધીનગરમાં આગામી વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષીને તંત્ર હાલ પુરજોશમાં તૈયારી કરી રહ્યુ છે. વાઇબ્રન્ટના આડે હવે માત્ર એક સપ્તાહ જેટલો સમય જ બાકી રહી ગયો હોવાથી આખરી તબક્કામાં કામગીરીને અંજામ આપવામાં આવી રહ્યો છે. નગરના બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે માર્ગ સુધારણા સહીત નગરના વોક વે અને સેન્ટ્રલ વર્જને કલરકામ કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત નગરના માર્ગોની આસપાસ તેમજ સેન્ટ્રલ વર્જમાં રંગબેરંગી ફુલો નિખરે તે માટે પણ રોપાઓનુ વાવેતર કરી દેવાયુ છે. જયારે નગરની સુંદરતાને નડતા દબાણો દુર કરવા માટે પણ તંત્રએ ઝુંબેશ હાથ ધરી છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દબાણો દુર કરવાનુ અભિયાન બંધ થઇ ગયુ હતુ. ત્યારે વન આરક્ષિત જગ્યમાં સફાઇની સાથે દબાણો પણ દુર કરી દેવાયા છે. આ ઉપરાંત નગરના મુખ્ય માર્ગોની આસપાસના વિસ્તારમાં પણ દબાણોનો અડ્ડો હોવાનુ ધ્યાને આવતા તંત્રએ ઝુંપડા સહીત લારી ગલ્લાના દબાણો દુર કરવા માટે કામગીરી શરૂ કરી દીધી છે. આજે પણ તંત્ર દ્વારા સે-૭ માં

● અનુસંધાન પાન-૭ પર

રાજ્ય સરકાર દ્વારા અછતને પગલે ૧૫૦૦ કરોડની વધુ સહાયની માંગણી કરાશે

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૯

ગુજરાતમાં ચોમાસુ નિષ્ફળ રહ્યા પછી દુષ્કાળની સ્થિતિ ધીમી ગતિએ તેનુ રૌદ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કરતાં જ રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે વધુ ૧૫૦૦ કરોડની સહાય માંગતુ બીજુ આવેદન-પત્ર રજુ કરવાનો નિર્ણય કર્યો છે.

સચિવાલયના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યુ છે કે આ નવા આવેદનપત્રમાં પેયજળની તકલીફ, ટ્રાન્સપોર્ટેશન ઘાસચારા માટે તેમજ રોજગારી માટે મુખ્યત્વે સહાય માંગવામાં આવી છે.

રાજ્યમાં દુષ્કાળની સ્થિતિનું બિહામણુ ચિત્ર ધીમીગતિએ તીવ્રતા ધારણ કરી રહેલ છે. ઉત્તર ગુજરાત જે પેયજળ માટે ઓવર એકસ્પલોયટેશન કેટેગરીમાં આવે છે ત્યાં સ્થિતિ વધુ ગંભીર બની શકે એમ છે.

આ ઉપરાંત સરકારે જે રીતે પશુધન માટે ઢોરવાડા શરૂ કરવાની મંજૂરી આપી છે તેને લઈ ખર્ચમાં વધારો થવાનો અંદાજ છે. સૌરાષ્ટ્રમાં પણ પીવાના પાણીની સ્થિતિ વિકટ બનવાના એંધાણ મળી રહ્યા છે.

પિયત માટે આ વખતે પણ પાણી હમણાં નહિ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. રાજ્ય સરકારે ૨૪ ડિસેમ્બરે ઘાસચારાનું વાવેતર પશુધન માટે કરે તેવા ખેડૂતો માટે તાલુકાદીઠ ૧૦ વીજ કનેક્શન આપવાનો નિર્ણય કર્યો હતો. એક મહિના માટે જ આ યોજના જાહેર કરવામાં આવી હતી. જો કે ૨૪મી જાન્યુઆરીએ આ યોજનાની મુદત પૂર્ણ થતી હોઈ કેટલી અરજીઓ મળી તે સ્પષ્ટ થઈ શક્યુ નથી. જોકે આ કનેક્શન મેળવ્યા પછી ઘાસચારો સરકારને આપવાની શરત પણ લાદવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

આ વખતની સ્થિતિમાં ઘાસચારાની સમસ્યા સરકારને વધુ સતાવી રહી છે. પંજાબનું ઘાસ નહિ

ઘાસચારો, ટ્રાન્સપોર્ટેશન તેમજ રોજગારી અને પેયજળ માટે આ વધારાની સહાય મંગાઈ : કેન્દ્ર સરકાર દ્વારા આ સપ્તાહના અંત સુધીમાં સહાય માટે જાહેરાત સંભવ

ખરીદવામાં આવે તેવી જાહેરાત સરકારના મહેસુલ મંત્રી કરી ચુક્યા છે. હવે ઘાસચારા માટેના બીજા વિકલ્પો પર ખુબજ ગંભીરતાથી વિચારણા ચાલી રહી હોવાનું પણ સરકારના જ વિશ્વસનીય સાધનોએ જણાવ્યું છે.

રાજ્ય સરકારે પ્રથમવાર રૂ. ૧૭૫૦ કરોડની સહાય માંગતુ આવેદનપત્ર આપ્યુ હતુ. આ રજુઆત પછી ડિસેમ્બર માસમાં કેન્દ્રની ટીમ ગુજરાતના પ્રવાસે આવી ગઈ છે જો કે કેન્દ્ર તરફથી હજુ સહાય માટેની કોઈ જાહેરાત થઈ નથી ત્યાં

● અનુસંધાન પાન-૭ પર

મહિલા પીએસઆઇ પર હુમલો કરવાના કેસમાં આરોપી મહિલાને એક વર્ષની કેદ

ચાંદખેડામાં નોટીસની બજાવણી કરવા ગયેલા મહીલા પીએસઆઇ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો

ગાંધીનગર તા ૯

ચાંદખેડામાં સરકારી કામ અર્થે નોટીસની બજવણી કરવા ગયેલા મહીલા પી એસ આઇ પર જીવલેણ હુમલો કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

પ્રાપ્ય વિગત અનુસાર તા ૭ જુલાઇ વર્ષ ૨૦૧૩ના રોજ સાબરમત્તી પોલીસ સ્ટેશનમાં પીએસઆઇ તરીકે ફરજ બજાવતા જયોત્સનાબેન જી ઓડ સરકારી કામગીરી અંગે આરોપીના ઘરે નોટીસની બજાવણી કરવા માટે ગયા હતા. પરંતુ આરોપી હેમાલી ધ્રુવકુમાર ઢેબરે તેમની સાથે બિભત્સ વર્તન કરી ઉશ્કેરાટમાં આવીને મહીલા પીએસઆઇ પર ચપ્પા વડે હુમલો કર્યો હતો. જેના લીધે મહીલા પોલીસને ગંભીર ઇજા થવા પામી હતી. આ બનાવ સંદર્ભે આરોપી વિરુધ્ધ ચાંદખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. જેના અંતે કોર્ટમાં ચાર્જશીટ થતા આ કેસ ગાંધીનગરની પ્રિન્સિ. ડિસ્ટ્રિકટ એન્ડ સેસન્સ કોર્ટમા ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. તેમણે મહીલા પોલીસ ઇન્સપેકટર પર હુમલો કરવાના કેસમા આરોપીને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા માટે દલીલમાં જણાંવ્યુ હતુ. જેના અંતે જજ આઇ જે વોરાએ આરોપીને એક વર્ષની સજા ભોગવવા હુકમ કર્યો છે.

જિલ્લામાં ૧૨,૮૫૪ શારીરિક અક્ષમતા ધરાવતા મતદારો

મતદારયાદીની પ્રસિદ્ધિ હવે ૧૭મીએ થશે

ગાંધીનગર, તા. ૯

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ વેરીફીકેશન બાદ ૧૨,૮૫૪ શારિરીક અક્ષમતા ધરાવતા મતદારોને ઓળખી કાઢવામાં આવ્યા હોવાનુ જાણવા મળેલ છે.

આવા મતદારો દહેગામમાં ૩૭૧૩, ગાંધીનગર(દ) બેઠક પર ૪૫૧૩, ગાંધીનગર (ઉ)માં ૨૨૭૪, માણસામાં ૧૦૧૬ અને કલોલ બેઠક પર ૧૩૩૭ મતદારો છે.

જિલ્લા ચૂંટણીતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિધાનસભાની ચૂંટણી બાદ બી.એલ.ઓ.ની મદદથી આવા મતદારો શોધવા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ હતુ.

આગામી લોકસભાની ચૂંટણીમાં આવા મતદારોને જરૂરી ખાસ સહાયક આપવા ઉપરાંત મતદાન કેન્દ્ર પર ખાસ રેમ્પની પણ સુવિધા ઉભી કરવામાં આવનાર છે. આ મતદારોની ઓળખ ઉપલબ્ધ થઈ હોવાથી આ મતદારોની સુવિધા અને સહાય માટે ખાસ ટીમ પણ બનાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ૧-૧-૧૯ની સ્થિતિએ ૧૨ લાખ ૩૫ હજારથી વધુ મતદારો નોંધાયેલા છે. આ નવી મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ ૧૭મી જાન્યુઆરીના રોજ વિધિવત્ કરી દેવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે. અગાઉ મતદારયાદીની પ્રસિદ્ધિ ૪થી જાન્યુઆરીના રોજ

● અનુસંધાન પાન-૭ પર

વાઇબ્રન્ટ દરમિયાન નગરમાં ૨૦ ટોઈંગ ક્રેઇન કામે લાગશે

ગાંધીનગર તા ૯

શહેરમાં આગામી વાઇબ્રન્ટ સમિટ દરમિયાન ગમે ત્યાં વાહનો પાર્ક કરનારા વાહન ચાલકોના વાહનો ટોઈંગ કરી લેવાશે. આ માટે આર ટી ઓ દ્વારા ૨૦ જેટલા ટોઈંગ ક્રેઇન ફરતી કરાશે. જયારે વાઇબ્રન્ટ દરમિયાન આડેધડ વાહન પાર્ક કરવાનુ દંડનીય બનશે. વાઇબ્રન્ટ સમિટ દરમિયાન નગરમાં આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. જયારે આ માટે જરૂરી ઠેકાણે પાર્કીંગ પ્લેસ પણ તૈયાર કરાયા છે.

ગાંધીનગરમાં હાલ વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે વાઇબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો નગરના મહેમાન બનવાના હોવાથી તંત્ર હાલ સુશોભન અને સલામતીના પરિબળોને યોગ્ય કરવામાં લાગી ગયુ છે. શહેરના માર્ગોને ચકાચક બનાવવા ઉપરાંત રોશની તેમજ બ્યુટીફિકેશનના વિવિધ કામો હાથ ધરાયા છે. વાઇબ્રન્ટ સમિટ આડે હવે માત્ર એક સપ્તાહ જેટલો જ સમય બાકી રહ્યો હોવાથી આખરી તબક્કામાં તૈયારીઓ ચાલી રહી છે. વાઇબ્રન્ટ સમિટ દરમિયાન શહેરના સે-૧૭ સ્થિત હેલીપેડ મેદાન ખાતે મેગા એકઝિબીશનનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેને ધ્યાને લઈ સેન્ટર પર જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે. વાઇબ્રન્ટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો સહીત દેશના વિવિધ રાજયોમાંથી પણ મોટી સંખ્યામાં

નગરમાં આડેધડ પાર્ક થતા વાહનોને ટોઇંગ ક્રેઇન ઉઠાવી જશે વાહનચાલકો સામે પણ દંડનીય કાર્યવાહી કરાશે

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **જયંતિલાલ એસ. પરીખ (મહુધાવાળા)** તા. ૭/૧/૨૦૧૯ના રોજ શ્રીજીચરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૦/૧/૨૦૧૯ને ગુરૂવારના રોજ બપોરે ૨-૩૦ થી ૫-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ વાડી, ૬/૭ના બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૭, ગાંધીનગર

કોકિલાબેન જયંતિલાલ પરીખ

દિપેશ જયંતિલાલ પરીખ — તૃપ્તિ દિપેશ પરીખ

વિરલ જયંતિલાલ પરીખ — સપના વિરલ પરીખ

હિમાંશુ જયંતિલાલ પરીખ — વૈદેહી હિમાંશુ પરીખ

કોબાની જવાબદાર શિક્ષિકા સામે પગલાં ભરો : જિલ્લા પંચાયત સદસ્ય

ગાંધીનગર, તા. ૯

કોબા પ્રથમિક શાળામાં બાળકને માર મારવાની ઘટનાની તપાસના હુકમો કરવામાં આવ્યા છે. ૧૦-૧૨-૧૮ના રોજ બનેલ આ ઘટનાની તપાસના હુકમો એક માસ બાદ કરવામાં આવતાં શિક્ષણજગતમાં અનેક તર્ક-વિતર્ક વહેતા થવા લાગ્યા છે.

આ ઘટનાને લઈ જવાબદાર શિક્ષકની તાત્કાલિક અસરથી બદલીની માંગ સાથે જિલ્લા પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોરે જિલ્લા પ્રા.શિ.અ. સમક્ષ રજુઆત કરી હતી.

આ શિક્ષિકા સામે શાળાના અન્ય કર્મચારીઓમાં પણ કચવાટની લાગણી પ્રવર્તી રહી હોવાનું જાણવા મળેલ છે. આ પ્રકરણમાં શાળાકક્ષાએથી રિપોર્ટ પણ કરવામાં આવ્યો છે પરંતુ તંત્ર દ્વારા પગલાં લેવામાં ઉદાસીનતા દાખવવામાં આવતી હોવાની ઉગ્ર રજુઆત બેચરજી ઠાકોરે કરી હતી. તેમણે આ મુદ્દે લેખિતમાં પણ પંચાયત પ્રમુખ અને પ્રા.શિ.અ.ને રજુઆત કરી છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાંથી કલોલ શહેરનું વિભાજન કરાયું

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં કલોલ શહેરની વસતી ૧ લાખથી વધુની થઈ જતા રાજ્ય સરકારે કલ્યાણકારી યોજનાઓના અમલ માટે કલોલ શહેર મામલતદારની નવી જગ્યા અને કચેરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ માટે મામલતદાર ઉપરાંત ૧૮ નવી જગ્યાઓ પણ મંજુર કરવામાં આવી છે. આ કચેરીઓ ટૂંક સમયમાં કાર્યાન્વિત થઈ જશે.

ગાંધીનગર માટે LED TV રીપેરીંગ માટે

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

KisaN — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

"હાઉસીંગ ફોર ઓલ"ના મિશનને સાર્થક કરતી

પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY)

ગુડા દ્વારા બાંધવામાં આવી રહેલ આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના કુડાસણ- સરગાસણ જેવા વિકસીત વિસ્તારમાં સુંદર અને મુલ્યવાન લોકેશન પર તદ્દન ઓછી કિંમતે પોતાનું મકાન મેળવવાની અમૂલ્ય તક

શ્રી નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રીશ્રી, ભારત

આર્થિક રીતે નબળા વર્ગ (EWS-II)

શ્રી વિજય રૂપાણી, મુખ્યમંત્રીશ્રી, ગુજરાત

આવાસનું લોકેશન	RERA રજીસ્ટ્રેશન નં.	ફાઈનલ પ્લોટ નં.	આવકની મર્યાદા	આવાસનું ક્ષેત્રફળ(ચો.મી.)	આવાસની સંખ્યા	આવાસ માટે લાભાર્થીએ આપવાની થતી અંદાજીત રકમ
ટી.પી.૬ કુડાસણ	PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA04502/281218	૧૭૩	રૂ. ૩.૦૦ લાખ સુધી	૩૪.૩૬	૩૩૬	રૂ. ૫.૫૦ લાખ (રૂ. ૫૦,૦૦૦/- નિભાવ ખર્ચ અલગથી)
ટી.પી.૮ સરગાસણ	PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA04533/A1R/050119	આર-૪૭	રૂ. ૩.૦૦ લાખ સુધી	૩૪.૩૬	૩૯૨	રૂ. ૫.૫૦ લાખ (રૂ. ૫૦,૦૦૦/- નિભાવ ખર્ચ અલગથી)

અરજીપત્રક મેળવવાની રીત

અરજીપત્રકનું વિતરણ તા. ૧૦/૧/૨૦૧૯ થી ૩૧/૧/૨૦૧૯ સુધી જાહેરાતમાં દર્શાવેલ બેંકોની શાખા પરથી ચાલુ દિવસોએ કામકાજના સમય સવારે ૧૧.૦૦ થી બપોરે ૪.૦૦ કલાક દરમિયાન ફોર્મ રૂ. ૧૦૦/- ભરી મેળવી શકાશે.

અરજીપત્રક મેળવવા અને જમા કરાવવાના સ્થળ

ભરેલા અરજીપત્રક જરૂરી વિગતો-પુરાવા તેમજ રજીસ્ટ્રેશન ફી સાથે જે બેંક શાખામાંથી ફોર્મ મેળવ્યું હોય તે બેંક શાખામાં તા. ૧૧/૦૨/૨૦૧૯ સુધીમાં જમા કરાવવાનું રહેશે.

૧. એક્સીસ બેંક :
- સેક્ટર-૧૬ શાખા
- સેક્ટર-૨૧ શાખા
- સ્વાગત રેઈનફોરેસ્ટ-૨, કુડાસણ શાખા
- મારૂતિ મેગ્નમ, સીટીપ્લસ રોડ, રાંદેસણ શાખા

૨. ICICI Bank :
- સેક્ટર-૧૬ શાખા
- ઈન્ફોસીટી બ્રાન્ચ, ગાંધીનગર

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

૪ થો માળ, બ્લોક નં. ૧૮, ઉધોગભવન, ગાંધીનગર, ફોન નં. ૦૭૯-૨૩૨ ૪૯૦૧૭/૧૮

વધુ વિગતો માટે સત્તામંડળની વેબસાઈટ : www.guda.gujarat.gov.in

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com